RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 45, Dt.03-05-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# શેરબજારના યુ ટર્નથી રોકાણકારોના ત્રણ લાખ કરોડ સ્વાહા



## સેન્સેક્સમાં ૧૪૦૦ અને નિફ્ટીમાં ૪૦૦ પોઈન્ટનો કડાકોઃ દિવસની શરૂઆતમાં નિફ્ટી ઓલટાઈમ હાઈ લેવલને સ્પર્શ્યા બાદ કડાકો બોલાઈ ગયોઃ વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂા.૯૬૪ કરોડના શેર વેચતા શેરબજાર ગગડ્યુ

**મુખ્ય સમાચાર, મુંબઈ**

દિવસની શરૂઆતના ટ્રેડિંગમાં શાનદાર ઉછાળા બાદ શેરબજારે અચાનક યુ-ટર્ન માર્યો અને શેરબજારમાં રોકાણ કરનારા લોકોમાં હડકંપ મચી ગયો. સેન્સેક્સ આજે તેના હાઈ લેવલથી ૨ ટકા એટલે કે ૧૪૩૪ પોઈન્ટ સુધી ગગડી ગયો હતો. જ્યાર નિફ્ટી દિવસની શરૂઆતમાં ૨૨,૭૯૪ના ઓલ ટાઈમ હાઈ લેવલને સ્પર્શ્યા બાદ તેમાં પણ કડાકો બોલાઈ ગયો હતો. સમાચાર લખવા સુધીમાં તે લગભગ ૧.૬૦ ટકા એટલે કે ૪૦૦ પોઈન્ટના ઘટાડા સાથે ટ્રેડ થઈ રહી છે.

બપોરે ૧ વાગ્યે નિફ્ટી ૨૫૦ પોઈન્ટ ઘટીને ૨૨,૪૦૦ પર ટ્રેડ થઇ રહી હતી જ્યારે સેન્સેક્સ ૯૧૬ પોઈન્ટ ઘટીને ૭૩,૬૯૫ પર ટ્રેડ થઇ રહ્યો હતો. જ્યારે બેન્ક નિફ્ટી ૪૭૫ પોઈન્ટથી વધુના કડાકા સાથે ૪૮,૭૬૫ના સ્તરે ટ્રેડ થઈ રહી હતી. ઇજીના ટોચના ૩૦ શેરોમાંથી ૨૫ શેરોમાં વેચવાલી આવી હતી. બજાજ ફાઇનાન્સનો શેર પણ ૨ ટકા સુધી ગગડી ગયો હતો. સૌથી મોટો ઘટાડો ભારતી એરટેલમાં ૨.૪૨ ટકાનો આવ્યો હતો.

શુક્રવારે એકદમ ઉછાળા બાદ હેવીવેઇટ શેરોમાં પ્રોફિટ બુકિંગનો દબદબો રહ્યો, જેના કારણે શેરબજાર નીચે તરફ ગગડવા લાગ્યું. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેન્ક અને આઈટી શેરોમાં આજે પ્રોફિટ બુકિંગ જોવા મળ્યું હતું. બીજું કારણ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ગુરુવારે રૂ. ૯૬૪ કરોડના શેર વેચ્યા હતા. ત્રીજું મોટું કારણ એ છે કે સેન્સેક્સ આજે એક્સપાયરી પણ છે. ઇજી પર તમામ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઇઝેશન આશરે રૂ. ૩ લાખ કરોડ ઘટીને રૂ. ૪૦૫.૮૩ લાખ કરોડ થયું છે. આનો અર્થ એ થયો કે ઇજી શેર્સમાં રોકાણ કરનારાઓની સંપત્તિમાં આજે રૂ. ૨.૬૭ લાખ કરોડનો ઘટાડો થયો છે.

# લાંબા સસ્પેન્સ બાદ અમેઠીને બદલે રાહુલ ગાંધી રાયબરેલીથી ચૂંટણી લડશેઃ શક્તિ પ્રદર્શન સાથે ઉમેદવારી નોંધાવી

## ગાંધી કુટુંબની પરંપરાગત એક બેઠક જાળવી રાખવા તૈયારીઃ ૨૦૧૯માં સોનિયા સામે પરાજીત થયેલ યોગી સરકારના મંત્રી દિનેશ પ્રતાપસિંઘ સામે થશે ટક્કર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણીમાં ગાંધી કુટુંબ માટે સૌથી મોટી સમસ્યા બની ગયેલી ઉત્તરપ્રદેશની અમેઠી અને રાયબરેલી લોકસભા બેઠકના ઉમેદવારી મુદ્દે ભારે સસ્પેન્સ અને દ્વીધાના સર્જન બાદ આજે ઉમેદવારી નોંધાવાના આખરી દિનની મધરાતે કોંગ્રેસ પક્ષે પક્ષના સિનીયર નેતા રાહુલ ગાંધીને તેમના માતા સોનિયા ગાંધીની ખાલી થયેલી બેઠક રાયબરેલીથી ચુંટણી લડવા જણાવ્યું છે.

જયારે પ્રિયંકા ગાંધીની ચુંટણીના રાજકારણમાં એન્ટ્રી વિલંબમાં પડી છે. રાહુલ ગાંધી અગાઉ અમેઠીથી લોકસભા ચૂંટણી જીતતા હતા પણ ૨૦૧૯માં કેન્દ્રીય મંત્રી તથા લડાયક મહિલા નેતા સ્મૃતિ ઈરાની સામે પરાજીત થયો હતો. જો કે તમામે અગાઉ જ સલામતી ખાતર કેરળની વાયનાડ બેઠક પરથી ચુંટણી લડીને જીતતા લોકસભામાં તેમની હાજરી જાળવી શકયા હતા પણ ૨૦૨૪ની ચુંટણીમાં રાહુલ ગાંધી ફરી અમેઠીથી લડશે કે કેમ તે પ્રશ્ન હતો.



સોનિયા ગાંધીએ તેમના ખરાબ સ્વાસ્થ્યના કારણે ચુંટણી નહી લડવા નિર્ણય લઈને રાજસ્થાનમાંથી રાજયસભામાં ચુંટાયા હતા અને તેની માતાની ખાલી પડેલી રાયબરેલી બેઠક પર રાહુલ ગાંધીએ ચુંટણી લડવાનું સ્વીકારી લીધુ છે અને તેમનો મુકાબલો હવે એક સમયે ગાંધી પરિવારના જ વિશ્વાસુ રહેલા અને બાદમાં ભાજપમાં જોડાયેલા યોગી સરકારના મંત્રી દિનેશ પ્રતાપસિંહ સામે થશે.

તેઓએ ૨૦૧૯માં સોનિયા ગાંધી સામે ચૂંટણી લડી હતી તે હવે રાહુલ ગાંધી સામે લડશે. આજે રાહુલ ગાંધીની ઉમેદવારી જાહેર થતા જ રાયબરેલીમાં જબરી ચહલપહલ શરૂ થઈ હતી અને રાહુલ ગાંધીએ જબરા શક્તિ પ્રદર્શન સાથે બપોરે ૧૨ વાગ્યે રાયબરેલીમાંથી ઉમેદવારી નોંધાવી છે.

ગાંધી આજે ખાસ વિમાનમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે, સોનિયા ગાંધી અને પ્રિયંકા ગાંધી ઉપરાંત રાજસ્થાનના પુર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોટ સહિત કોંગ્રેસના અનેક અગ્રણીઓ પણ રાયબરેલી પહોંચી ગયા છે. રાહુલે વાયનાડથી પણ ઉમેદવારી નોંધાવી છે અને ત્યાં બીજા તબકકામાં મતદાન થઈ ગયું છે અને આથી તેઓ હવે રાયબરેલીમાંજ પડાવ નાખી અહી માતા એ સોંપેલી બેઠક સલામત રાખવા પ્રયાસ કરશે.

# સ્વાસ્થ્ય વિમા પોલીસીના પ્રિમિયમમાં ૧૫ ટકાનો વધારો થાય તેવી સંભાવના

## ગ્રાહકોને વધુ એક આંચકો લાગી શકે છેઃ કંપનીઓએ પ્રિમિયમ વધારવા કમર કસી

**મુખ્ય સમાચાર, મુંબઈ**

જો તમે સારી કમાણી કરો છો તો આ સમયે સ્વાસ્થ્ય વીમો લેવો જરૂરી બની ગયો છે. જેમ જેમ સારવારનો ખર્ચ વધી રહ્યો છે, તેમ સ્વાસ્થ્ય વીમા પોલિસી લેવી શાણપણની વાત છે. પરંતુ હવે ફરી એકવાર હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસીનું પ્રીમિયમ વધવા જઈ રહ્યું છે. કોરોના રોગચાળા પછી, તેના પ્રીમિયમમાં તીવ્ર વધારો થયો હતો.

ઇન્સ્યોરન્સ રેગ્યુલેટર ઈઈઉઅઈના વેઈટિંગ પિરિયડ ઘટાડવાના આદેશથી ખુશ થયેલા પોલિસી ધારકોની ખુશી લાંબો સમય ટકી ન હતી. વાસ્તવમાં, IRDAI દ્વારા પ્રતીક્ષાનો સમયગાળો વર્તમાન ચાર વર્ષથી વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી ફિક્સ કરવાનો આદેશ આપ્યા બાદ, પોલિસી ધારકોને વીમા કંપનીઓ તરફથી ઈ-મેઈલ મળવાનું શરૂ થઈ ગયું છે. જેમાં કહેવામાં આવી રહ્યું છે કે નવા નિયમો બાદ તેમને તેમના સ્થાન અને ઉંમર અનુસાર પ્રીમિયમ વધારવાની ફરજ પડી છે. HDFC ERGO એ તેના ગ્રાહકોને મોકલેલા મેલમાં જણાવ્યું હતું કે તેઓએ પ્રીમિયમ દરોમાં સરેરાશ ૭.૫% થી ૧૨.૫% વધારો કરવો પડશે.




ACKO ના રિટેલ હેલ્થ વાઈસ પ્રેસિડેન્ટ રૂપિન્દરજીત સિંહે જણાવ્યું હતું કે IRDAI એ ૧ એપ્રિલથી પહેલાથી અસ્તિત્વમાં રહેલી પરિસ્થિતિઓ માટે મહત્તમ રાહ જોવાનો સમયગાળો ચાર વર્ષથી ઘટાડીને ત્રણ વર્ષ કરી દીધો છે. આ નિર્ણય બાદ મોટાભાગની વીમા કંપનીઓ વીમાની કિંમતમાં ૧૦-૧૫%નો વધારો કરી શકે છે

સ્વાસ્થ્ય વીમામાં રાહ જોવાનો સમયગાળો એ સમયગાળો છે જેના માટે તમારે વીમાના લાભો મેળવતા પહેલા રાહ જોવી પડે છે. પૂર્વ-અસ્તિત્વમાં રહેલી પરિસ્થિતિઓ માટે મહત્તમ રાહ જોવાની અવધિનો અર્થ એ છે કે જો તમે પહેલાથી જ કોઈ રોગથી પીડિત હોવ, તો તમારે કોઈપણ લાભોનો દાવો કરતા પહેલા સ્વાસ્થ્ય વીમામાં ઉલ્લેખિત પ્રતીક્ષા સમયગાળો પૂરો થાય ત્યાં સુધી રાહ જોવી પડશે. પૂર્વ-અસ્તિત્વમાં રહેલા રોગોનો અર્થ એ છે કે જેનું નિદાન આરોગ્ય વીમા પોલિસી ખરીદ્યાના ૪૮ મહિના પહેલાં થયું હોય. આ રોગોમાં હાઈ બીપી, ડાયાબિટીસ, થાઈરોઈડ વગેરેનો સમાવેશ થાય છે. IRDAIએ હવે ત્રણ વર્ષથી આ કર્યું છે અને તેથી કંપનીઓને લાગે છે કે આનાથી તેમનું જોખમ વધશે અને તેઓ પ્રીમિયમ વધારી રહી છે.

# મને મત નહીં આપો તો વીજળી કાપી નાંખીશુંઃ કોંગ્રેસના ધારાસભ્યની ખુલ્લી ધમકી, ચૂંટણી પંચે ફટકારી નોટિસ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસાભા ચૂંટણીને લઈને રાજકીય નેતાઓ દ્વારા પ્રચાર મેદાનમાં અનેક વિવાદાસ્પદ ટિપ્પણીઓ સામે આવી રહી છે. આ દરમિયાન કર્ણાટકમાં કોંગ્રેસના ધારાસભ્ય રાજુ કાગે એવું નિવેદન આપ્યું હતું, જેના કારણે તેઓ વિવાદમાં સપડાયા છે. ચૂંટણી રેલીને સંબોધતા રાજુ કાગેએ મતદારોને ધમકી આપતા કહ્યું કે, 'જો મને મત નહીં આપો તો તમારી વીજળી કાપી નાંખીશું.' રાજુ કાગેના આ નિવેદન બાદ ચૂંટણી પંચે તેમને નોટિસ મોકલી જવાબ માગ્યો છે.



૩૦મી એપ્રિલે કાગવાડથી કોંગ્રેસના ધારાસભ્ય રાજુ કાગે બેલગવી જિલ્લામાં ચૂંટણી રેલી દરમિયાન કહ્યું કે, 'જો મને વધુ મત નહીં મળે તો અમે તમારી વીજળી કાપી નાખીશું. તેથી આવું ન થવું જોઈએ. યાદ રાખ જો હું જે કહું છું એ કરીને બતાવું છું.' ઉલ્લેખનીય છે કે, રાજુ કાગેના આ વિવાદિત નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

રાજુ કાગેના વિવાદિત નિવેદન પર ભાજપે કોંગ્રેસ પર પ્રહારો કર્યા છે. ભાજપે આ નિવેદનને રાહુલ ગાંધીના પ્રેમની દુકાન સાથે જોડીને કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. ભાજપના નેતા શહેઝાદ પૂનાવાલાએ કહ્યું કે, 'તેઓ (કોંગ્રેસ) કહે છે પ્રેમની દુકાન, પરંતુ આ તો ધમકીઓના ભાઈજાન છે.'

# ગુજરાતમાં આચાર સંહિતા ભંગની રેકોર્ડબ્રેક ફરિયાદ નોંધાઈઃ આચાર સંહિતા લાગુ પડયા બાદ કુલ ૪૩૫૪ ફરિયાદો આવી

## સૌથી વધુ અમદાવાદમાં, મતદાનના આડે છેલ્લા ૪ દિવસ બાકી રહ્યા છે ત્યારે આંકડો ૫૦૦૦ને પાર કરે તેવી સંભાવના

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો પર આગામી ૭ મેના રોજ ચૂંટણી યોજાવાની છે તે પૂર્વે આચારસંહિતા ભંગની ફરિયાદોનો મારો હોય તેમ આ વખતે રેકોર્ડબ્રેક સંખ્યામાં આવી ફરિયાદો થઇ છે. ગુરૂવારની સ્થિતિએ રાજયમાં અત્યાર સુધીમાં આચારસંહિતા ભંગની ૪૨૫૪ ફરિયાદો નોંધાઇ છે. આ પૂર્વે ૨૦૧૯માં સમગ્ર ચૂંટણી દરમ્યાન ૩૪૯૦ ફરિયાદો નોંધાઇ હતી.

ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે, પંચ દ્વારા આચારસંહિતા ભંગની ફરિયાદો માટે નવી નવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હોવાથી પ્રમાણ વધ્યું હોવાનું માની શકાય છે. ચૂંટણી પંચે સી-વીઝીલ એપની સુવિધા આપી છે.





જેમાં રાજકીય પક્ષોના આગેવાનો, કાર્યકરોએ સામાન્ય નાગરિકો પણ આચારસંહિતા ભંગ થતો હોય તો મોબાઇલ મારફત જ ફરિયાદ નોંધાવી શકે છે અને રીટર્નીંગ ઓફિસર સમક્ષ રૂબરૂ જવાની જરૂરીયાત રહેતી નથી.

મતદાનના આડે હવે ચાર દિવસ બાકી છે. ત્યારે હજુ ફરિયાદો વધી શકે છે અને આંકડો પાંચ હજારને પાર કરી જાય તેવી શકયતા નકારાતી નથી. રાજયમાં સામાન્ય ચૂંટણી વખતે અત્યાર સુધીમાં આચારસંહિતા ભંગની આ સૌથી વધુ ફરિયાદો છે.

સુત્રોના કહેવા પ્રમાણે મોટા ભાગની ફરિયાદો વિવાદીત વિધાનો સંબંધી હોય છે, આ સિવાય નિયત સમય મર્યાદાથી મોડી ચૂંટણી સભા યોજવાની, મતદારોને લલચાવવા નાણા કે કોઇપણ ચીજવસ્તુઓ અપાતી હોવાની અને દારૂ આપવા જેવી અન્ય ફરિયાદો થતી હોય છે.

રાજયમાં આચારસંહિતા ભંગની સૌથી વધુ ૧૩૫૨ ફરિયાદો અમદાવાદ જિલ્લામાં નોંધાઇ છે. જોકે આ પાછળનું કારણ જિલ્લાની ત્રણ બેઠકો છે. અમદાવાદ પૂર્વ, અમદાવાદ પશ્ચિમ અને ગાંધીનગર જિલ્લાના અમુક ભાગો પણ અમદાવાદ હેઠળ આવી જતા હોય છે. સૌથી ઓછી પાંચ ફરિયાદો છોટા ઉદેપુર જિલ્લામાંથી નોંધાઇ છે.

સી-વીઝીલ એપ મારફત નાગરિકો સીધા ચૂંટણી પંચના કંટ્રોલ રૂમ સાથે જોડાઇ શકે છે. રીટર્નીંગ ઓફિસર તથા ફલાઇંગ સ્કવોડને પણ તેની માહિતી મળી જાય છે. ચૂંટણી પંચે ૧૦૦ મીનીટમાં જ કોઇપણ આચારસંહિતા ભંગની ફરિયાદોનો નિકાલ કરવાની વ્યવસ્થા ગોઠવી છે.

# માર્ચની સરખામણીએ એપ્રિલમાં UPI વ્યવહારમાં નોંધાયેલો સાધારણ ઘટાડો

## ગત મહિને કુલ ૧૩.૩૦ અબજ ટ્રાન્ઝકશન્સ હાથ ધરાયાઃ માર્ચની સરખામણીએ એપ્રિલમાં UPI વ્યવહારમાં નોંધાયેલો સાધારણ ઘટાડો

**મુખ્ય સમાચાર, મુંબઈ**

માર્ચની સરખામણીએ એપ્રિલમાં યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) ટ્રાન્ઝકશન્સમાં વોલ્યુમની દ્રષ્ટિએ એક ટકો અને મૂલ્યની દ્રષ્ટિએ ૦.૭૦ ટકા ઘટાડો નોંધાયો છે. માર્ચમાં રૂપિયા ૧૯.૭૮ ટ્રિલિયનની સરખામણીએ એપ્રિલમાં રૂપિયા ૧૯.૬૪ ટ્રિલિયનના વ્યવહાર પાર પડયા હતા. વ્યવહારની સંખ્યા ૧૩.૪૪ અબજથી ઘટી ૧૩.૩૦ અબજ રહી હતી.





૨૦૨૩ના એપ્રિલની સરખામણીએ વર્તમાન વર્ષના એપ્રિલમાં યુપીઆઈ વ્યવહારમાં નોંધપાત્ર વધારો થયો છે. સામાન્ય રીતે માર્ચમાં યુપીઆઈ મારફતના વ્યવહાર વધુ રહેતા હોય છે માટે એપ્રિલના વ્યવહારની માર્ચ સાથે સરખામણી કરવાનું યોગ્ય જણાતું નથી. નોટબંધી બાદ લોન્ચ કરાયેલા યુપીઆઈ મારફતના વ્યવહારમાં મોટેભાગે વધારો જ જોવા મળ્યો છે.

દેશભરમાં ડિજિટલના સ્વીકારને પરિણામે યુપીઆઈના વપરાશમાં વધારો થઈ રહ્યો છે. એપ્રિલમાં વાર્ષિક ધોરણે યુપીઆઈ ટ્રાન્ઝકશન્સ વોલ્યુમની દ્રષ્ટિએ ૫૦ ટકા અને મૂલ્યની દ્રષ્ટિએ ચાલીસ ટકા ઊંચા રહ્યા છે.

# સુપ્રીમ કોર્ટ બાર એસોસિયેશનમાં હવે એક તૃતિયાંશ મહિલાઓ, ચૂંટણીમાં અનામત લાગુ કરવાના નિર્દેશ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે મહિલા સશક્તિકરણની દિશામાં વધુ એક પગલુ આગળ વધાર્યું છે. સુપ્રીમ કોર્ટે સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનમાં એક તૃતિયાંશ મહિલા અનામત લાગુ કરવાનો આદેશ આપ્યો છે.

બેન્ચના આદેશ અનુસાર સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનનું ખજાનચીનું પદ મહિલા માટે અનામત રહેશે. આ સિવાય એસોસિએશનની કાર્યસમિતિના ૯ માંથી ૩ સભ્યોના પદ મહિલાઓ માટે અનામત રહેશે. આ આદેશનું પાલન પહેલી વખત સોળ મે એ થનારા સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનની ચૂંટણીમાં થશે. આ ચૂંટણીના પરિણામ અઢાર મે એ આવશે.



ઉલ્લેખનીય છે કે એસસીબીએના પદાધિકારીઓ અધ્યક્ષ, સચિવ અને ખજાનચીમાં ખજાનચી પદ મહિલાઓ માટે અનામત રહેશે. સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનમાં સીનિયર એડવોકેટ્સ માટે બનેલી સીનિયર કાર્યકારી સમિતિના છ સભ્યોમાંથી બે અને સામાન્ય કાર્યકારી સમિતિના ૦૯ સભ્યોમાંથી ૦૩ સભ્યના પદ મહિલાઓ માટે અનામત હશે.

કોર્ટે કહ્યું કે ઉમેદવારોની યોગ્યતા અને શરતોમાં જરૂરી ફેરફાર અને સુધારાની બાબતે આઠ પ્રસ્તાવ આવ્યા પરંતુ તે નિષ્ફળ થઈ ગયાં. આ સિવાય એસોસિએશનના સભ્ય બનવા માટે ફી અને ચૂંટણી લડવા માટે ઉમેદવારની ડિપોઝીટને લઈને પણ લાવવામાં આવેલા પ્રસ્તાવ ૩૦ એપ્રિલે આયોજિત સ્પેશિયલ જનરલ બોડી મીટિંગમાં નિષ્ફળ ગયા. દરમિયાન કોર્ટને લાગ્યું કે નિયમ, લાયકાત, શરતો અને ફી ને લઈને નિર્ણય લેવાની જરૂર છે કેમ કે આ બાબતોને દાયકાઓ સુધી લટકાવી શકાય નહીં. સમય રહેતા સુધારા અને ફેરફાર જરૂરી છે.

કોર્ટે કહ્યું કે SCBA આ બાબતે પોતાની વેબસાઈટ કે અન્ય રીતથી સભ્યો પાસેથી ૧૯ જુલાઈ સુધી સૂચન મંગાવે. એટલે કે સૂચન ૧૯ જુલાઈ સુધી મોકલાવી શકાય છે. તે બાદ સામાન્ય વકીલોથી મળનાર આ સૂચન બાર એસોસિએશન ડિજિટલ કે પ્રિન્ટેડ ફોર્મેટમાં સંકલિત કરીને કોર્ટને આપો. એટલે કે તે સૂચનના આધારે અત્યારે સુધારા અને ફેરફારનો સમય જારી રહેશે.

# મારા માટે જામસાહેબની આ પાઘડી મોટો પ્રસાદ વડાપ્રધાન મોદી







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ડખ મોદીએ જામ શત્રુશલ્યસિંહજી સાથે મુલાકાત બાદ કહ્યું- 'જામસાહેબ વિજય ભવઃ કહે પછી એ વિજય નિશ્ચિત થઈ જાય'જામનગર પહોંચ્યા છે. જામનગરમાં સભાને સંબોધતાં પહેલાં પીએમ મોદીએ જામનગરના જામસાહેબ શત્રુશલ્યસિંહજી જાડેજા સાથે મુલાકાત કરી હતી. બાપુએ પીએમને પાઘડી પહેરાવી આવકાર્યા હતા.આઝાદીના ૭૫ વર્ષ પછી લાલ ડબ્બામાંથી ખૂબસુરત ટ્રેન જોવા મળી.જામનગર-અમદાવાદ વચ્ચે વંદેભારત ટ્રેન ચાલુ થઈ છે. પ્રવાસ ન કરવો હોય તો પણ લોકો ટ્રેન જોવા માટે સ્ટેશન જાય છે અને ફોટો પડાવે છે.થોડા સમય પહેલા વિકાસ કામ માટે હું દ્વારકા આવ્યો હતો. દર્શન કર્યા બાદ હું સમુદ્ર નીચે દ્વારિકાના દર્શન માટે ગયો હતો. મેં સમુદ્ર નીચે પૂજન પણ કર્યું હતું. કોંગ્રેસના શેહઝાદાને તેનાથી પણ તકલીફ છે. હું તો હેરાન છું કે, યુપી-બિહારમાં જેઓ પોતાને યદુવંશી કહે છે તેઓ તેમની સાથે બેઠા છે. જેઓ કૃષ્ણની દ્વારકાને નકારી દે છે. તેઓએ કહ્યું સમુદ્રની નીચે પૂજા માટે કંઈ નથી. જેઓને સામાન્ય જ્ઞાન નથી તેઓને શું કહેવું. તેઓની હિંમત છે કે, કોઈ બીજા ધર્મ વિશે આવી વાત કરી દે.ક્ષત્રિય સમાજના બલિદાન સામે મારા મુખ્યમંત્રી પદની કોઈ કિંમત નથી'જામનગર આવ્યો છું ત્યારે અનેક જૂની વાતો તાજી થઈ છે, એક વાર બહુ મહત્વની ઘટના બની. ભૂચરમોરીની યુદ્ધની વાત. મને આપણા ક્ષત્રિય સમાજના આગેવાનો નિમંત્રણ આપવા આવ્યાં હતા. પછી મને કોઈએ કાનમાં કહ્યું કે, સાહેબ અમે નિમંત્રણ આપવા આવ્યા છીએ પણ તમે નહીં આવો. આતો અમારૂ કર્તવ્ય છે એટલે અમે નિમંત્રણ આપવામાં આવ્યા છીએ. મે કહ્યું કેમ નહીં આવું. તો કહ્યું કે, કોઈ મુખ્યમંત્રી નથી આવ્યાં. અમે બધા મુખ્યમંત્રીને આમંત્રણ આપીને ટ્રાઈ કરી લીધી છે. ત્યા એવી માન્યતા છે કે, જ્યા આટલા બધા પાળીયા હોય. પૂજાતા હોય પણ ગુજરાતના મુખ્યમંત્રીઓના કાનમાં કોઈએ ભેળવી દીધું છે કે તમે ભૂચરમોરીના સ્થાને જાવ એટલે તમારૂ મુખ્યમંત્રીનું પદ જતું રહે, એટલા માટે ત્યા કોઈ મુખ્યમત્રી જતા ન હતા. ત્યારે મેં કહ્યું કે, મારા ક્ષત્રિય સમાજના આ બલિદાન સામે મારા મુખ્યમંત્રી પદની કોઈ કિંમત નથી. હું આવીશ જ. અને હું આવ્યો હતો અને ખુબ ઉલ્લાસથી તે કાર્યક્રમને મે વધાવ્યો હતો. એટલે જામનગર સાથેની એવી અનેક યાદો સાથે હું આજે ફરી જામનગર આવ્યો છું.ડખએ રજવાડાઓના પ્રદાનને યાદ કર્યું આપણા દેશના રાજા મહારાજાઓએ અખંડ ભારત બનાવવા માટે રજવાડા આપી દીધા હતા. તેઓના યોગદાનને દેશ ભૂલી ન શકે.ડખ મોદીએ જામ દિગ્વિજયસિંહના પ્રદાનને યાદ કર્યું

જામનગરમાં જામ રાજવીઓના પ્રદાનને યાદ કરતા કહ્યું કે, જામ દિગ્વિજયસિંહે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન પોલેન્ડના નાગરિકો્ને અહીં શરણ આપી હતી. પોલેન્ડના પાર્લામેન્ટ્નું સત્ર શરૂ થાય ત્યારે સૌથી પહેલા જામનગરનું સ્મરણ થાય છે.તેઓએ જે બીજ વાવ્યા તેના કારણે આજે પણ પોલેન્ડ સાથે આપણો સંબંધ મજબૂત થયો છે.મુખ્યમંત્રીનું જામનગરની પ્રખ્યાત બાંધણી આપી સ્વાગત કરવામાં આવ્યું.

## જામનગર જિલ્લાની સૈનિક સ્કૂલ બાલાચડીમાં પદગ્રહણ સમારોહનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, તાજેતરમાં શૈક્ષણિક સત્ર ૨૦૨૪-૨૫ માટે સૈનિક સ્કૂલ બાલાચડી, જામનગરનો પદગ્રહણ સમારોહ શાળાના ઓડિટોરિયમમાં લશ્કરી પરંપરાઓની તર્જ પર ભવ્ય રીતે યોજાયો હતો.આ પ્રસંગે સૈનિક સ્કૂલ બાલાચડીના ભૂતપૂર્વ વિદ્યાર્થી કર્નલ પ્રમોદ આર અંબાસણા, એસએમ (શૌર્ય) મુખ્ય મહેમાન હતા. તેમના આગમન પર મુખ્ય મહેમાનનું સૈનિક સ્કૂલ બાલાચડીના આચાર્ય કર્નલ શ્રેયશ મહેતા દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું અને શાળાના યુદ્ધ સ્મારક શૌર્ય સ્તંભ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. બાદમાં, તેમને કેડેટ ધ્રુવિલ મોદી દ્વારા શાળા અને તેની આસપાસના વિસ્તાર વિશે સેન્ડ મોડલ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા જેની મુખ્ય મહેમાન દ્વારા ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી.





મુખ્ય અતિથિએ વિવિધ શાળા નિમણૂકો, હાઉસ કેપ્ટન અને ડોર્મ પ્રીફેક્ટ માટે નામાંકિત કેડેટ્સને નિમણૂક આપી. કેડેટ્સને સર્વગ્રાહી ગુણોના આધારે નામાંકિત કરવામાં આવ્યા હતા જેમાં સમયની પાબંદી, શિસ્ત, નૈતિક મૂલ્યો, શૈક્ષણિક, રમતો અને રમતગમત, સકારાત્મક વલણ, નેતૃત્વના ગુણો વગેરેનો સમાવેશ થાય છે જેથી કરીને તેઓ તેમના સાથી શાળાના મિત્રો માટે રોલ મોડેલ બની શકે.તમામ કેડેટ્સ કે જેમની નિમણૂક કરવામાં આવી હતી જે શાળાના નિયમો પ્રત્યે તેમની નિષ્ઠા માટે નવનિયુક્ત કેડેટ્સને શપથ લેવડાવવામાં આવ્યા હતા. તેઓ ગૃહોમાં વિવિધ અભ્યાસક્રમ અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનું ધ્યાન રાખશે અને શાળાના સુચારૂ સંચાલનમાં વહીવટને ટેકો આપશે. મુખ્ય અતિથિએ તેમના સંબોધન દરમિયાન નવનિયુક્ત કેડેટ્સને અભિનંદન આપ્યા અને કેડેટ્સમાં નેતૃત્વના ગુણો કેળવવાની જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો. તેમણે સૈનિક સ્કૂલ બાલાચડીમાં વિતાવેલા તેમના વિદ્યાર્થીના જીવનનો અનુભવ શેર કર્યો હતો. તેમણે કેડેટ્સને તેમના સપના સાકાર કરવા માટે શાળામાં ઉપલબ્ધ સુવિધાઓ અને માળખાકીય સુવિધાઓનો ઉપયોગ કરવાની સલાહ આપી હતી. તેમણે 'કેરેક્ટર બિલ્ડીંગ'નો અર્થ અને 'એસ ક્યુ આર આર આર' એટલે કે સર્વે, પ્રશ્ન, વાંચન, સમીક્ષા, પુનરાવર્તન દ્વારા અભ્યાસની વૈજ્ઞાનિક રીત સમજાવી. તેમણે કહ્યું કેડેટ્સે ખાવું, રમવું અને સારી રીતે અભ્યાસ કરવો જોઈએ અને હંમેશા ઉત્સાહી અને ઉત્સુકતા સાથે નવી વસ્તુઓ શોધવા માટે તૈયાર રહેવું જોઈએ. તેમણે ત્રણ પ્રકારની ફિટનેસના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો જેના પર કેડેટે હંમેશા ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ તે છે 'શારીરિક', 'માનસિક' અને 'આધ્યાત્મિક ફિટનેસ'. તેમણે કેડેટ્સને ક્યારેય હાર ન માનવા અને નિષ્ફળતાનો ડર ન રાખવાનો આગ્રહ કર્યો. તેમના વક્તવ્યમાં તેમણે કેડેટ્સ અને શાળાના વિકાસ માટે તેમની સમર્પિત નિઃસ્વાર્થ સેવા માટે અધિકારીઓ અને કર્મચારીઓની પણ પ્રશંસા કરી.

શાળા વતી પ્રિન્સિપાલે મુખ્ય મહેમાનને સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યું હતું. મુખ્ય અતિથિએ કેડેટ્સ અને સ્ટાફ સાથે પણ વાતચીત કરી હતી. આ પ્રસંગે 'ઓબસા' સભ્યો અને પરિવારો ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહનું સમાપન નવનિયુક્ત કેડેટ્સ અને સ્ટાફ સાથેના સમૂહ ફોટોગ્રાફ સાથે થયું હતું.

## મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી કે.બી. ઝવેરી સહિતના અધિકારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું

### મોરબી જીલ્લા ચૂંટણીતંત્ર દ્વારા મોરબી, ટંકારા અને વાંકાનેર ખાતે પોસ્ટલ બેલેટ મતદાન કરવા માટેના ફેસિટિલેશન સેન્ટર ઊભા કરવામાં આવ્યા છે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કે.બી. ઝવેરીએ લોકશાહીના પર્વમાં સહભાગી બની મોરબીમાં પોલિટેકનિક કોલેજ ઘુંટુ ખાતે ઉભા કરાયેલા ફેસિટિલેશન સેન્ટર ખાતે મતદાન કરી લોકશાહીની ફરજ નિભાવી હતી. આ સાથે જીલ્લા વિકાસ અધિકારી, નિવાસી અધિક કલેક્ટર સહિત જીલ્લા ચૂંટણી તંત્રના અધિકારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું.



લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત ૭મી મે ના રોજ મતદાન યોજાવાનું છે. ત્યારે ચૂંટણી કામગીરીમાં રોકાયેલા અધિકારીઓ/ કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મોરબી જીલ્લા ચૂંટણીતંત્ર દ્વારા મોરબી, ટંકારા અને વાંકાનેર ખાતે પોસ્ટલ બેલેટ મતદાન કરવા માટેના ફેસિટિલેશન સેન્ટર ઊભા કરવામાં આવ્યા છે. જ્યાં જીલ્લા ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરી, જીલ્લા વિકાસ અધિકારી એસ.જે. પ્રજાપતિ, નિવાસી અધિક કલેક્ટર એસ.જે. ખાચર, નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી કુલદીપસિંહ વાળા, હળવદ પ્રાંત અધિકારી ધાર્મિક ડોબરીયા, મોરબી ગ્રામ્ય મામલતદાર નિખિલ મહેતા સહિત ચૂંટણી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કરી લોકશાહીની પવિત્ર ફરજ નિભાવી હતી.

ચૂંટણી તંત્રના ઉચ્ચ અધિકારીએ પોસ્ટલ બેલેટથી મતદાન કરી આગામી ૭ મેના રોજ મોરબી જીલ્લાવાસીઓને પણ અવશ્ય મતદાન કરી લોકશાહીના આ પર્વમાં સહભાગી બનવા અપીલ કરી હતી.

## જામનગરમાં કચરાની ગાડીએ દંપતિને હડફેટે લેતા ઈજા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં અંબર સિનેમા સર્કલ પાસે કચરાની ગાડીના ચાલકે મોટર સાયકલ ઉપર જઈ રહેલા દંપતીને હડફેટે લેતા બન્ને ઈજાગ્રસ્ત થતા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અકસ્માત કરીને કચરાની ગાડીનો ચાલક નાસી ગયો હોય.પોલીસે અકસ્માત અંગે ગુન્હો નોંધી ચાલકની શોધખોળ હાથ ધરી છે.આ બનાવની વિગત એવી છે કે બેડી ભૂંગામાં રહેતા ઓસમાલભાઈ કુગડા તેના પત્ની પોતાના મોટરસાયકલ ન.જીજે.૧૦ બી એક્સ ૮૧૦૬ લઈને જતા હતા.ત્યારે અંબર સર્કલ ઉપર ગુલાબનગર તરફથી છોટાહાથી ન.જીજે ૧૦ ટી એક્સ ૨૭૨૨ નો ચાલક બેફિકરાઈ અનેગફલતભરી રીતે કચરાની ગાડી લઈને નીકળેલ હતો.તેને આ મોટર સાયકલ ઉપર જઇ રહેલા દપતિને હડફેટે લેતા દપતિ ઠોકર લાગતા પડી જતા ઈજાગ્રસ્ત થયેલ હતા. તેઓને સારવાર. માટે હોસ્પિટલમાં ખસેડેલ હતા. આ અકસ્માત અંગે ઓસમાણભાઈના પુત્ર હુસેનભાઈએ પોલીસમાં છોટાહાથીના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.જેમાં જણાવ્યું હતું કે તેના માતાને ડાબા પગનાં ગોળાના ભાગે ઇજા અને ડાબા હાથમાં ફેક્ચર થતા ઓપરેશન આવેલ છે.જ્યારે પિતા ઓસમાણભાઈને મૂંઢમાર ઇજા થયેલ છે. છોટાહાથીના ચાલક અકસ્માત કરીને નાશી છૂટીયો હોય પોલીસે ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.આબનાવ અંગે વધુ તપાસ સીટી બી પોલીસ ડીવી.ના હેડ કોસ્ટેબલ યજુવેન્દ્રસિંહ વાળા ચલાવી રહ્યા છે.

## મતદાન મથકમાં મોબાઈલ પ્રતિબંધિત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટેનું મતદાન તા. ૭-૦૫-૨૦૨૪ ના રોજ યોજાનાર છે. મતદાનના દિવસે મતદારોના મતની ગુપ્તતા જળવાઈ રહે, મતદાનની પ્રક્રિયામાં કોઈ અવરોધ ઊભો ન થાય તથા જાહેર સલામતી જળવાઈ રહે તે માટે મતદાન મથકની અંદર મોબાઈલ ફોન જેવા ઉપકરણો સાથે પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી બી.એન.ખેર દ્વારા બહાર પાડવામાં આવ્યું છે.જે મુજબ જામનગર જિલ્લામાં નક્કી થયેલ મતદાન મથકોમાં મતદાન એજન્ટ, ઉમેદવાર કે તેના ચૂંટણી એજન્ટ તેમજ સંબંધિત મતદાન મથકના નોંધાયેલ મતદારો મોબાઈલ ફોન સાથે તારીખ ૭-૦૫-૨૦૨૪ના સવારે ૭:૦૦ કલાકથી સાંજના ૬:૦૦ કલાક સુધી પ્રવેશ કરી શકશે નહીંચૂંટણી ફરજ સોપાયેલ સરકારી અધિકારી અને કર્મચારીઓ તથા ચૂંટણી અધિકારીશ્રીએ ખાસ અધિકૃત કરેલ અધિકારીઓ, કર્મચારીઓ કે વ્યક્તિઓને ઉપરોક્ત જાહેરનામું લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.




## જામનગરના કોલેજીયન યુવતીનો આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના કાલાવડમાં રહેતી અને કોલેજમાં અભ્યાસ કરતી ૧૮ વર્ષની યુવતીએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી મચી જવા પામી છે. બે દિવસ બાદ પરીક્ષા ચાલુ થવાની હોય તેના ટેન્શનમાં આ પગલું ભર્યાનું પ્રાથમિક રીતે પોલીસમાં જાહેર થયું છે.જામનગર જિલ્લાના કાલાવડના પંજેતનનગરમાં રહેતી અને કોલેજનો અભ્યાસ કરતી રીયાબેન યુનુશશા શાહમદાર (ઉ.વ.૧૮) નામની યુવતિએ પોતાના ઘરે દુપટ્ટા વડે પંખા સાથે ગળેફાંસો ખાઇ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બાદમાં તેને સારવાર અર્થે સ્થાનિક હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.જ્યાં ફરજ પરના ડોક્ટરે તેણીનું મોત નિપજ્યાનું જાહેર કર્યું હતું. રીયાબેન કોલેજનમાં અભ્યાસ કરતાં હોય અને બે દિવસ બાદ તેની પરીક્ષા શરૂ થવાની હોય જે પરીક્ષાની તૈયારી તેણી કરતી હતી પરંતુ પરીક્ષાના વધુ પડતા ટેન્શનના કારણે તેણે આ પગલું ભરી લીધાનું સામે આવ્યું છે. પોલીસે યુવતીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી અકસ્માતે મૃત્યુની નોંધ કરી તપાસ હાથ ધરી છે. આ બનાવના પગલે મૃતકના પરીવારમાં ઘેરો શોક છવાયો છે જયારે સંબંધિત વિસ્તારમાં પણ ભારે અરેરાટી વ્યાપી જવા પામી છે.



## નવયુગ શૈક્ષણિક સંકુલમાં કોમર્સના વિદ્યાર્થીઓ માટે ગ્રાહક સુરક્ષા કાયદાની જાણકારી અંગે સેમિનાર યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

ધોરણ ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ ગ્રાહક સુરક્ષા કાયદાના વિષયને અનુરૂપ નિષ્ણાત તજજ્ઞ પાસેથી માર્ગદર્શન મળી રહે તેવા હેતુથી આ સેમીનારનું આયોજન કરવામાં આવેલ.

જેમાં વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા શું છે? ગ્રાહકે કઈ કઈ બાબતની કાળજી રાખવી જોઈએ? વેપારીઓ ગ્રાહકને કઈ રીતે છેતરે છે? ગેરરીતિ કરનાર સામે કયા પ્રકારના કેસો થઈ શકે એ અંગે ડો. હરેશભાઈ સંઘવી દ્વારા માર્ગદર્શન અપાયું હતું. જેઓ આ કાયદાના એકેડેમીક ૧૭ વર્ષના અનુભવી તેમજ ગ્રાહક સુરક્ષા પર ૧વમ કરેલ છે.



ડો.હરેશ સંઘવી દ્વારા ગ્રાહકોને નિભાવવાની થતી ફરજો અને અધિકારો અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા, અને જણાવ્યું હતું કે, હકીકતે ગ્રાહક બજારનો રાજા છે, જો તે પોતાની ફરજો અને અધિકારો પ્રત્યે સજાગ થાય તેમજ બજારમાં છેતરતા વેપારી તત્વો સામે ગ્રાહકો જાગૃત થઈ પોતાના અધિકારોનો ઉપયોગ કરે તો આ અનૈતિક કાર્યો અટકી શકે. તેમજ વધુ માહિતી આપતા જણાવેલ કે વસ્તુ અને સેવામાં ખામી અને અનૈતિક વ્યાપાર પદ્ધતિ નો ભોગ બનનાર ગ્રાહકો માટે ગ્રાહક અદાલતના દરવાજા હંમેશા માટે ખુલ્લા હોય છે. જેનો દરેકે ઉપયોગ કરવો જોઈએ. માલ વેચનાર વ્યક્તિ જો નાણાં લીધા બાદ પણ વસ્તુ કે સેવા ના આપે તો એવા વ્યાપારીઓ થી ગ્રાહકના રક્ષણ માટે કરીને જ ગ્રાહક સુરક્ષા અધિનિયમ અમલમાં આવ્યો છે. દરેક ગ્રાહકને તેના રૂપિયાનું ચોક્કસ અને વાજબી વળતર મળવું જોઈએ..

વેપારીઓ અને કંપનીઓ દ્વારા ગ્રાહકને છેતરાતા અટકાવવા ગ્રાહક સુરક્ષાના કાયદાનો કેવી રીતે ઉપયોગ કરવો તેમજ જાહેર હિતની અરજી ફાઈલ કેવી રીતે કરવી તેના વિશે પણ માહિતી આપવામાં આવેલ.

કોમર્સ વિભાગના પ્રિન્સિપાલ વરમોરાસર તેમજ ડાંગરસર દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં સંસ્થાના પ્રમુખશ્રી કાંજીયાસરનું માર્ગદર્શન મળેલ અને વિદ્યાર્થીઓમાં આ પ્રકારના કાર્યક્રમો થતા રહે તે માટે પ્રેરણા પૂરી પાડેલ.

## વાંકાનેરનાં ભોજપરા ગામે જીલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને મતદાન જાગૃતિ કાર્યક્રમનું આયોજન

### મતદાન કરવું એ દરેક નાગરિકની પવિત્ર ફરજ અને હક છે –જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે અવનવા કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. ત્યારે આજે વાંકાનેર તાલુકાના ભોજપરા ગામમાં મોરબી જીલ્લા વિકાસ અધિકારી દ્વારા મતદાન જાગૃતિ માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જીલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ દ્વારા લોકોને મતદાન કરવા માટે અપીલ કરી હતી.

વધુમાં જીલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યું હતું કે, મતદાન કરવું એ દરેક નાગરિકની પવિત્ર ફરજ અને હક પણ છે જેથી દરેક નાગરિકે અવશ્ય મતદાન કરવું જોઈએ. આ કાર્યક્રમમાં વાંકાનેર તાલુકા વિકાસ અધિકારી રિઝવાન કોંઢિયા સહિત સ્ટાફ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## માણેકવાડા પ્રાથમિક શાળામાં બાળ સંસદ ચૂંટણી યોજાઈ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના માણેકવાડા ગામની સરકારી પ્રાથમિક શાળામાં બાળ સંસદનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળ સંસદ એટલે બાળકોની બાળકો દ્વારા અને બાળકો માટે ચાલતી સંસદ કે જેમાં બાળકો શાળા અને વર્ગખંડના નીતિ નિયમો ઘડવામાં સક્રિય બની ભાગ લે તેમજ શાળાના વ્યવસ્થાપનમાં , વિકાસમાં,સુધર્મા અને નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી રાખે તેવો પ્રયાસ કરવામાં આવ્યો છે.

બાળ સંસદ ચૂંટણી માટે શાળા દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જે મુજબ ધોરણ ૩ થી ૮ ના બાળકોએ ઉમેદવાર તરીકે નામાંકન કરી ઉમેદવારી નોંધાવી હતી. ચુંટણી પ્રક્રિયા માટે પ્રમુખ અધિકારી,પોલિંગ સ્ટાફ, સુરક્ષા કર્મચારી,સહાયક તેમજ મતદાન એજન્ટની વિવિધ જવાબદારીઓ સોંપવામાં આવી હતી. શાળાના ધો.૩ થી ૮ ના તમામ બાળકોએ ઉત્સાહભેર મતદાન કર્યું હતું.અને બાળકોમાંથી સૌથી વધુ મત મેળવેલ આઠ બાળકોને ચૂંટાયેલ પ્રતિનિધિ જાહેર કરવામાં આવ્યા હતાં.

સમગ્ર પ્રક્રિયા શાળાના શિક્ષકશ્રી જીજ્ઞેશભાઈ સાણંદિયા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શાળાના સૌ શિક્ષકોએ સહયોગ આપેલ. આ તકે શાળાના આચાર્યશ્રી એ જણાવ્યું હતું કે બાળ સંસદ રચના અને તેની પસંદગીની પ્રક્રિયા આવતીકાલના નાગરિક તરીકે બાળકોમાં દૃષ્ટિ અને દિશા માટે પ્રેરક રહેશે.તેમજ આગામી લોકસભા ચૂંટણી પર્વમાં ૧૦૦ ટકા મતદાન માટે બાળકો પોતાના પરિવારને સંદેશ આપશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# આ લોકસભાની ચૂંટણી અહંકાર અને અસ્મિતા વચ્ચેની છેઃશક્તિસિંહ ગોહિલ

## પરેશ ધાનાણીના સમર્થનમાં ઢેબર ચોકમાં યોજાયેલી જાહેર સભામાં પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અને રાજ્યસભાના સાંસદે ભાજપ પર માર્યા ચાબખાઃકોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લીકાર્જુન ખડગેનો પ્રવાસ રદ થતા શક્તિસિંહે સભા સાથે પત્રકાર પરિષદ પણ સંબોધી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

આજે રાજકોટમાં લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીના સમર્થનમાં ઢેબર ચોક ખાતે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ ખડગેની જાહેર સભા યોજાઈ હતી. પરંતુ ખડગેનો પ્રવાસ રદ થતા આ જાહેર સભાને પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે સંબોધી હતી. તેમણે ભાજપ ઉપર પ્રહાર કરતા જણાવ્યું હતું કે આ ચૂંટણી કોઈ પક્ષ વચ્ચે નથી પરંતુ વર્તમાન ચૂંટણી અહંકાર અને અસ્મિતા વચ્ચેની છે. ભાજપ સત્તાના મદમાં ભાન ભૂલ્યો છે. જેને સબક શિખવાડવા કોંગ્રેસે કમર કસી છે.



તેમણે જણાવ્યું કે રાજકોટ કે અમરેલીમાં ચૂંટણી લડવા અંગે પરેશભાઈ ધાનાણીએ પારીવારીક કારણોસર અનિચ્છા દર્શાવી હતી. પરંતુ ક્ષત્રિય સમાજની બહેનોને ન્યાય મળે તે હેતુથી પરેશભાઈએ રાજકોટ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઝંપલાવ્યું છે. ભાજપ દવારા લોકોને આભાસી વચન આપી છેતરવામાં આવ્યા છે. રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરસોત્તમભાઈ રૂપાલાએ અહંકારમાં ફક્ત કહેવા પૂરતી ક્ષત્રિય સમાજની માફી માંગી છે. ભાજપ ફક્ત સસ્તી પ્રસિધ્ધી મેળવવા નાણાનો વ્યય કરી રહ્યો છે. થોડા સમય પહેલા જ પેટ્રોલ ડિઝલ શોધવાના નામે જનતાના ૨૭ હજાર કરોડ રૂપિયાનું પાણી કર્યું હતું. તેમણે ભાજપને બહારનો રસ્તો દેખાડવા જાહેરસભામાં ઉપસ્થિત લોકોને વિનંતી કરી કોંગ્રેસને મત આપશો તેવું જણાવ્યું હતું. આજની સભામાં રાજકોટ કોંગ્રેસના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# પૂર્વ શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગરે ફરી કેસરિયો ધારણ કર્યો

## ભાજપમાં જોડાયા બાદ કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યું કે કોંગ્રેસમાં નિર્ણય શક્તિનો અભાવ છે





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત ચૂંટણીના હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે રાજકોટ શહેરમાં કોંગ્રેસમાં મોટો ફટકો, પૂર્વ શહેર પ્રમુખ અશોક ડાંગર જોડાશે ભાજપ માં જોડાય. ૨૦૨૧માં કોંગ્રેસની હાર થતાં આપ્યું હતું રાજીનામું. રાજીનામા બાદ કોંગ્રેસ છોડી ભાજપમાં ગયા હતા. ભાજપમાં ગયા બાદ કોંગ્રેસમાં પરત ફર્યા હતા. હવે ફરી અશોક ડાંગર ભાજપમાં જોડાયાકોંગ્રેસની જૂથબંધીથી થાકીને કોંગ્રેસના નેતાઓ ભાજપમાં જોડાયા છે. જેમાં કોંગ્રેસના ૨૦૦ જેટલા કાર્યકર્તાઓ ભાજપમાં જોડાયા છે. તેમાં અશોક ડાંગરે જણાવ્યું છે કે દિલીપ સંઘાણી અને રમેશ રૂપાપરા દ્વારા મને ભાજપમાં જોડાવા પ્રેરણા આપી છે. ફરી વખત મને ભાજપમાં ઉમળકા ભેર પ્રવેશ આપવા માટે ભાજપનો આભાર. અશોક ડાંગર, ભરત મકવાણા સાથે અનેક લોકો ભાજપમાં જોડાયા છે. રાજકોટ શહેર કોંગ્રેસના મહામંત્રી રવિ ડાંગર ભાજપમાં જોડાયા છે. પૂર્વ ડેપ્યુટી મેયર ભરત મકવાણા સાથે ૨૦૦થી વધુ કોંગ્રેસના કાર્યકરો ભાજપમાં જોડાયા છે. ભાજપમાં જોડાયા બાદ અશોક ડાંગરે કોંગ્રેસ પર પ્રહાર કર્યા છે. જેમાં અશોક ડાંગરે જણાવ્યું છે કે કોંગ્રેસ કાયમી તૂટવાની છે. કોંગ્રેસમાં કોઈ નિર્ણયશકિત નથી.

# સરગમ ચિલ્ડ્રન ક્લબનાં ૨૦૦૦ બાળકોએ ક્રિષ્ના વોટર પાર્કમાં ઘૂબાકા માર્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

તા. ૨૯/૦૫/૨૪ સોમવાર અને તા. ૩૦/૦૫/૨૪ મંગળવાર બને રોજ દિવસ સરગમ ચિલ્ડ્રન કલબના ૨૦૦૦ સભ્યો બાળકોએ કુવાડવા રોડ પર આવેલ ક્રિષ્ના વોટર પાર્ક રિસોર્ટ માં વિવિધ પાણી ની રાઇડમાં બાળકોએ મોજ કરેલ સાથે તમામ બાળકોને નાસ્તો પણ આપવામાં આવેલ સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ક્રિષ્ના વોટર પાર્ક નાં માલિક હરિભાઈ પટેલ તેમજ બાળકો એ વિવિધ રાઈડ ની મજા માળેલ ક્રિષ્ના વોટર પાર્ક હરિભાઈ પટેલ નો અમોને સહયોગ મળેલ આ કાર્યક્રમને સફળ ગુણવંતભાઈ ડેલાવાળા માર્ગદર્શન હેઠળ નીલુબેન મહેતા, અલ્કાબેન કામદાર ગીતાબેન હિરાણી, ડો. અલ્કાબેન ધામેલિયા, છાયાબેન દવે, મધુરિકાબેન જાડેજા, વૈશાલીબેન શાહ, હેતલબેન થડેશ્વર, ગીતાબેન ઉનાગર, મિતલબેન ચગ, નીતાબેન પરસાણા તેમજ લેડીઝ કલબના ૧૦૦ કમિટી મેમ્બર એ જહેમત ઉઠાવેલ.

# કાલાવાડ રોડ પર વૃંદાવન આવાસના ક્વાર્ટરમાં રૂપિયા ૧.૭૧ લાખના વિદેશી દારૂ સાથે બુટલેગરની ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં લોકસભાની ચૂંટણી પૂર્વે તમામ બુટલેગરોએ દારૂનો ધંધો બંધ કરી દીધો હોય જેના પગલે પ્યાસીઓ તલ પાપડ બની સામાન્ય દારૂની મોટી રકમ ચૂકવતા હોય તેવામાં એસીબી ની ટીમે કાલાવડ રોડ પર આવેલા વૃંદાવન આવાસ યોજના ક્વોટરમાંથી રૂપિયા ૧.૭૧ લાખના વિદેશી દારૂ પિયરને જથ્થા સાથે બુટલેગરની ધરપકડ કરી અન્ય એક ની શોધખોળ ચાલુ છે.



આ અંગેની માહિતી મુજબ ડી સીપી ઝોન ટુ એલસીબી ટીમના પીએસઆઇ આરએ ઝાલા હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ કોન્સ્ટેબલ હરપાલસિંહ તથા જયંતિ ગીરી સહિતના સાથે ચોક્કસ વાતના આધારે કાલાવડ રોડ પર આવેલા વૃંદાવન આવાસ એના ક્વોટરમાં કરોડો ઉપાડતા રૂપિયા ૧.૭૧ લાખના દારૂ બિયરના જથ્થા સાથે ઇરફાન અલિમીયા સૈયદ ની ધરપકડ કરી હતી જ્યારે દારૂનો જથ્થો જંકશન પ્લોટ માં આવેલ ગાયકવાડીમાં રહેતો તોફિક ઉર્ફે તોફ લો મહમદ સંગાર નામનો શખ આપી ગયો હોવાની કબુલાત આપતા પોલીસે તોફીક નામના બુટલેગરની શોધ ચાલુ છે

# વાંકાનેરમાં ખાનગી કંપનીના યુનિટ ખાતે મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા ચુંટણી ૨૦૨૪ને અનુલક્ષીને સ્વીપ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મૂછારનાં માર્ગદર્શન હેઠળ વિવિધ આયોજનો દ્વારા વધુમાં વધુ નાગરિકો જાગ્રત થઈને અચૂક મતદાન કરે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ઉપક્રમે ૧૦ રાજકોટ સંસદીય મતવિસ્તારમાં સામાવિષ્ટ ૬૭ - વાંકાનેર વિધાનસભા મતદાર વિભાગના મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી સિદ્ધાર્થ ગઢવીના દિશાનિર્દેશ અનુસાર વાંકાનેરનાં ભલગામ ગામે આવેલ ગોકુલ કંપનીનાં એકમ ખાતે મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં મામલતદાર અને એ.ઈ.આર.ઓ દ્વારા કંપનીના કર્મચારીઓને મતદાનનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું તેમજ તેમની મતદાનની પવિત્ર ફરજને યાદ કરાવીને અવશ્ય મતદાન કરવા અપીલ કરવામાં આવી હતી. ઉપરાંત, આગામી ચૂંટણીમાં તા.૭ મેના રોજ અચૂક મતદાન કરવા શપથ લેવડાવવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં યુનિટનો સ્ટાફ ઉત્સાહપૂર્વક જોડાયો હતો.

# જામકંડોરણા જી.આઈ.ડી.સી. માં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



**જામકંડોરણા જી.આઈ.ડી.સી. ખાતે કાર્યરત વિવિધ યુનિટના સૌ કર્મચારીઓ અને મજૂરો તા. ૭ મે ના રોજ લોકસભા ચૂંટણીમાં મતદાન કરે અને મતદાનની પવિત્ર ફરજ નિભાવે તે અર્થે બેનર્સ લગાવવામાં આવ્યા છે. સાથોસાથ મતદાન માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું છે. લોકશાહીના અવસરને વધાવવા અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.**

# કોટેચા અને કિસાનપરા ચોક ખાતે મતદાન પત્રિકાનું વિતરણ કરીને મતદાન જાગૃતિનો સંદેશો આપતું વિદ્યાર્થી જગત

## સિગ્નેચર કેમ્પેઈન અને દેશભક્તિના ગીતો થકી લોકોને અચુક મતદાન કરવા કર્યા પ્રેરિત



**મુખ્યસમાચાર, રાજકોટ**

લોકશાહીના મહાપર્વ સમા લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪માં દરેક નાગરીક ઉત્સાહભેર જોડાય તે માટે રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર, સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ સહિત વિવિધ સંસ્થાઓ દ્વારા મતદાન જાગૃત્તિ અર્થે અનેકવિધ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. જે અન્વયે વી.વી.પી એન્જિનિયરીંગ કોલેજ, ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કીટેકચર અને કીચ સ્કૂલ ઓફ ડિઝાઈનના સંયુક્ત ઉપક્રમે આજરોજ રાજકોટ શહેરના કિશાનપરા ચોક અને કોટેચા ચોક ખાતે મતદાન જાગૃત્તિ અંગે કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમ હેઠળ એન.સી.સી કેડેટ્સ અને વિદ્યાર્થી મિત્રોએ સિગ્નેચર કેમ્પેઈનના માધ્યમથી લોકોને મતદાન અંગેના સુવિચારો લખીને અને દેશભક્તિના ગીતો થકી લોકોને અચુક મતદાન કરવા પ્રેરિત કર્યા હતા. તેમજ જાહેર જનતાને ''મતદાન મારો અધિકાર, મતદાન મારું કર્તવ્ય'', ''વધારીએ દેશની શાન આવો કરીએ મતદાન''ના સ્લોગ્નની પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ઉપસ્થિત સર્વે મહાનુભવોએ અચુક મતદાન કરવા અંગેના શપથ લીધા હતા.

આ તકે સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવી, સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ કૌશિકભાઈ શુકલ, ડો.સંજીવભાઈ ઓઝા, ડો. નરેન્દ્રભાઈ દવે, પ્રિન્સીપાલ ડો.તેજસભાઈ પાટલીયા તેમજ આર્કિટેકચર કોલેજના પ્રિન્સીપાલ દેવાંગભાઈ પારેખ, કિરીટ શેઠ, ચમનભાઈ સિંધવ, ધવલભાઈ જોશી, અકુમુદીન ભારમલ, ઊર્મિબેન માંકડ, લીનાબેન શુક્લ, રજનીભાઈ રૂપારેલીયા તેમજ તમામ વિભાગીય વડાઓ પ્રધાધ્યાપકો બિન-શૈક્ષણિક અને સહ- શૈક્ષણિક કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ સંસદીય મતવિસ્તારોમાં ''મતદાન જાગૃતિ અભિયાન''નું આયોજન કરાયું

## આંગણવાડીની બહેનોએ ''માસ મહેંદી ઈવેન્ટ'' હેઠળ હાથમાં સ્લોગન લખીને મતદાન કરવા કરી અપીલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ના ત્રીજા તબક્કાની મતદાન કરવાની પ્રક્રિયાને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે તા. ૭ મે, ૨૦૨૪ના રોજ નાગરીકો પોતાનો કિંમતી મત આપીને લોકશાહીના પર્વમાં ઉત્સાહભેર જોડાય તે માટે રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃત્તિના સચોટ સંદેશા સાથેના કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે.



જે અંતર્ગત રાજકોટ સંસદીય મતવિસ્તારમાં આંગણવાડી બહેનો માટે માસ મહેંદી ઈવેન્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપલેટા, જેતપુર, જામકંડોરણા અને વાંકાનેર તાલુકા સહિતના આંગણવાડી કેન્દ્રોની બહેનોએ પોતાના હાથમાં મહેંદી મુકાવીને દેશના ઉજ્જ્વળ ભવિષ્ય માટે અચુક મતદાન કરવા માટેની અપીલ કરી હતી. બહેનોએ પોતાના હાથમાં ''લોકશાહી અધુરી મતદાન વિના'', ''દેશ માટે, જાગો મતદાતાઓ'', ''મતદાન મહાદાન'' સહિતના સ્લોગનની મહેંદી લગાવીને લોકોમાં અનેરો ઉત્સાહ જગાવ્યો હતો.

વધુમાં આંગણવાડીના ભુલકાંઓએ પણ પોતાની પાટીમાં "ARE YOU EXCITED FOR ELECTION 7/05/2024 VOTE FOR INDIA" લખીને મતદાન જાગૃતિ અભિયાનના પ્રચારક બન્યા હતા. તેમજ જેતપુર તાલુકાના સરદાર વલ્લભભાઇ પટેલ સભાખંડ ખાતે યુવાગણ અને વિદ્યાર્થીઓને મતદાન મહત્વ અંગે વિસ્તૃત સમજ આપીને અચૂક મતદાન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

# જસદણમાં શિવ મહાપુરાણ એકાદશ જ્ઞાનયજ્ઞમાં કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયોઃ કથા સાંભળવા હજારો ભાવિકો ઉમટયા

## કથાનું આયોજન શ્રી રામેશ્વર મંદિર અને સમસ્ત જસદણ ગામ દ્વારા કરાયું છેઃ આજે રૂદ્રી પાઠની કથા તેમજ નંદીની કથાનું વાંચન કરાયું

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણઃ** જસદણમાં ગોખલાણા રોડ પર આવેલ રામેશ્વર મહાદેવ મંદિર ખાતે ગત તા.૨૪ ને બુધવારથી શિવમહાપુરાણ એકાદશ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ કથામાં આવતા પાવન પ્રસંગોની ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે તા.૨ ને ગુરૂવારે કૃષ્ણ જન્મોત્સવની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જસદણ શહેર અને આજુબાજુના ગામના ભાવિકો હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહી ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ઉજવણી કરી હતી. આ ઉત્સવ દરમિયાન જસદણ માર્કેટિંગ યાર્ડના પૂર્વ ડીરેક્ટર અને નગરપાલિકાના સદસ્ય નરેશભાઈ ચોહલીયા પત્રકાર દીપકભાઈ રવિયા હર્ષદભાઇ ચૌહાણ પટેલ અગ્રણી મેહુલભાઇ પારખીયા કમલેશભાઈ પાનસુરીયા સહિતના આગેવાનોનું શાલ



ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે આજે તા.૩ ને શુક્રવારે રૂદ્રીપાઠની કથા અને નિર્થધામ એવમ નંદીએની કથા શાસ્ત્રી દ્વારા કરવામાં આવશે. આ કથાદરમિયાન દરરોજ ધૂન-ભજન-ભોજન, કીર્તન સહિતના ત્રિવિધ કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે. આ કથાના વ્યાસપીઠ પરથી બિરાજમાન શાસ્ત્રી શ્રીરાજેન્દ્રપ્રસાદ વ્યાસ (રંઘોળાવાળા) તેમની મધુર શૈલીમાં કથાનું રસપાન કરાવી રહ્યા છે દરરોજ હજારો ભાવિકો કથા શ્રવણનો લાભ રહ્યા છે. શ્રી રામેશ્વર મંદિર અને જસદણ ગામ સમસ્ત શિવ મહાપુરાણ એકાદશ જ્ઞાનયજ્ઞનું આયોજન કરાયું છે. આ કથાની પુર્ણાહુતી આગામી તા.૪ ને શનિવારે કરવામાં આવશે અને આ કથા શ્રવણનો લાભ લેવા માટે દરેક ધર્મપ્રેમી જનતાને રામેશ્વર મહાદેવ મંદિરના મોભી ભરતભાઈ છાયાણી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

સમસ્ત જસદણ મહિલા મંડળ દ્વારા રામેશ્વર મંદિરમાં વૃદ્ધાશ્રમ ચલાવવામાં આવી રહ્યું છે. જસદણમાં ગોખલાણા રોડ પર આવેલ શ્રી રામેશ્વર મહાદેવ મંદિરે છેલ્લા ૧૬ વર્ષથી અન્નક્ષેત્ર કાર્યરત છે અને દરરોજ પક્ષીઓ માટે ૪ બોરી ચણ નાખવામાં આવે છે તેમજ ગૌશાળામાં દરરોજ ૬૦થી૭૦ ગાયોની નીરણની વ્યવસ્થા સાથે અવિરત સેવા કરવામાં આવી રહી છે. સમસ્ત જસદણ મહિલા મંડળ અને શ્રી રામેશ્વર મહાદેવ સેવક મંડળના મોભી ભરતભાઈ છાયાણી સહિતના યુવાનો દ્વારા રામેશ્વર મંદિરમાં વૃદ્ધાશ્રમ ચલાવવામાં આવી રહ્યું છે.

# માલવીયાનગર પોલીસના મારથી બે યુવાનના મોતનો વિવાદ સમ્યો નથી ત્યારે પોલીસ પર વધુ એક આક્ષેપ

## ૨૦ દિવસ પહેલાં કુવાડવા પોલીસે વેલનાથપરાના પ્રૌઢને માર મારતા મોત થયુ હોવાના આક્ષેપ સામે પરિવારજનોએ કરી પોલીસ કમિશનરને અરજી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ ઉપર વેલ્નાથપરામાં રહેતા આનંદભાઈ અમરશીભાઈ સીતાપરાએ તેના પિતા અમરશીભાઈ કાનજીભાઈ સીતાપરાના મૃત્યુ અંગે કુવાડવા રોડ પોલીસે મારકૂટ કરવાથી મોત થયાના આક્ષેપ સાથે પોલીસ કમિશનરને અરજી કરતા ચકચાર મચી ગઈ છે જો કે પીઆઈએ આ બાબતે તપાસ ચાલુ હોવાનું જણાવ્યું હતું.





અરજીમાં આક્ષેપ કરતા જણાવ્યું હતું કે ગત ૧૨ તારીખે તેના પિતા ગૌરીદળ ગામે સપ્તાહમાં સિક્યોરીટી તરીકે ગયા હતા ત્યાં કોઈ કારણોસર માથાકૂટ થતા પીસીઆર બોલાવાઈ હતી અને પોલીસની ગાડી આવી હતી જેમાં ચાર માણસોએ પિતાને ઉપાડીને ગાડીમાં બેસાડયા હતા તેવું સાથી સિક્યુરીટીએ જણાવ્યું હતુ આ પછી બેડી ચોકડી પાસે અવાવરું જગ્યાએ બેભાન હાલતમાં મળી આવતા અજાણ્યા શખસે પિતાના ફોનમાંથી ઘટનાની જાણ કરતા અમે ત્યાં ગયા હતા કપડા ધૂળવાળા અને ઉજરડાના નિશાન હોય ૧૦૮ મારફ્ત સિવિલ હોસ્પીટલે ખસેડયા હતા પરંતુ અહીં મોત નીપજ્યું હતું પીએમ બાદ અંતિમવિધિ કરી હતી પીએમ રીપોર્ટ મંગાવતા કાર્ડિયાક બ્રેઈન સ્ટ્રોકને કારણે મોત થયાનું તેમજ રીપોર્ટમાં મલ્ટીપલ ઈન્જરી, લીવર, આંતરડાના ભાગે ઘા, હેમરેજ જેવી ઈજાનું જાણવા મળતા પિતાને લઇ ગયેલ પોલીસે મારકૂટ કરતા મોત થયાની દ્રઢ શંકા હોય ન્યાયિક તપાસ કરવા માંગ ઉચ્ચારી છે.દરમિયાન કુવાડવા રોડ પીઆઈ વી આર રાઠોડએ જણાવ્યું હતું કે આ બનાવ વખતે પોલીસે લીગલી કાર્યવાહી કરી હતી પીએમ પણ કરાવ્યું હતું ત્યારે પરિવારજનોને કોઈ આક્ષેપ હતો નહિ બીપી વધુ ગયું હોવાથી નશ ફાટી જતા મોત થયું હોવાની પણ શંકા છે છતાં તેના પૂત્રનું નિવેદન નોંધવામાં આવ્યું છે અને તપાસ ચાલુ છે.

# પી.ડી. માલવીયા ફાટકે મોટી દુર્ઘટના સહેજમાં ટળી

## ફાટક ખુલ્લુ રહ્યું અને વાહનોની અવર જવર ચાલુ હતી ત્યારે ટ્રેન આવી ગઈઃ ફાટકમેનને ચાર્જશીટ ફટકારાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**





રાજકોટના પી. ડી. માલવિયા ફાટક પાસે ફાટકમેનની ઘોર બેદરકારીનો વીડિયો વાઈરલ થયો છે, જેમાં ફાટક ખુલ્લું હતું અને ટ્રેન પહોંચી ગઈ હતી. જોકે, ઈલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ સિસ્ટમને કારણે ફાટક ખુલ્લું હોવાથી ટ્રેન રોકાઈ ગઈ હતી. બાદમાં ફાટકમેન દોડતો-દોડતો આવી પહોંચ્યો હતો અને નિયમ મુજબ ફાટક બંધ કરીને ટ્રેનને પસાર થવાનું સિગ્નલ આપ્યું હતું. સમગ્ર ઘટનાને ગંભીરતાથી લઈ રેલવે વિભાગ દ્વારા ફાટકમેનને ચાર્જશીટ આપવામાં આવી છે. જાગૃત નાગરિકે આ ઘટનાને મોબાઈલમાં કેદ કરી લેતા તેનો વીડિયો પણ સામે આવ્યો છે.

પ્રાપ્ત વિગત અનુસાર ગત રાત્રે ૨:૩૦ વાગ્યા આસપાસ પી. ડી. માલવીયા ફાટક પાસે અચાનક ટ્રેન આવી હતી. ફાટક ખુલ્લું હોવા છતાં ટ્રેન પહોંચી ગઈ હતી. જોકે હાલ રેલવેમાં ઇલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમને કારણે ફાટક ખુલ્લું હોવાથી ટ્રેન રોકાઈ ગઈ હતી. જે-તે સમયે હાજર નાગરિકો દ્વારા તપાસ કરવામાં આવતા ફાટકમેન હાજર મળી આવ્યો નહોતો. જોકે થોડી મિનિટો બાદ આ અંગે જાણ થતાં હરેશ દવે નામનો આ કર્મચારી દોડતો આવ્યો હતો અને તાત્કાલિક ફાટક બંધ કરી ટ્રેનને ગ્રીન સિગ્નલ આપ્યું હતું. બાદમાં ટ્રેન પસાર થઈ હતી.

આ તકે ત્યાં હાજર રજાક શેખ નામના જાગૃત નાગરિકે વીડિયો બનાવી ફેસબુકમાં લાઈવ કર્યું હતું. જેમાં ટ્રેન ફાટક નજીક આવી ગઈ હોવા છતાં ફાટક બંધ કરવામાં આવ્યું ન હોવાનું દર્શાવાયું હતું. રજાક શેખે ફાટકમેન દ્વારા ફાટક કેમ બંધ કરવામાં ન આવ્યું, તેની તપાસ કરતા રેલવે ક્રોસિંગ ઓફિસમાં કર્મચારી હાજર મળ્યો નહોતો. જોકે, સિગ્નલ નહીં મળતા ટ્રેન ઉભી રહી ગઈ હતી. આ પછી અચાનક હાજર થઈ ગયેલા ફાટકમેને ફાટક બંધ કરીને ટ્રેનને ગ્રીન ટોર્ચથી સિગ્નલ આપ્યું હતું.

આ અંગે રેલવે તંત્રએ જણાવ્યા મુજબ ઓખા-વેરાવળ એક્સપ્રેસ ટ્રેન પસાર થતી હતી. ત્યારે ફાટકમેન હરેશ દવે દ્વારા ફાટક બંધ કરવામાં આવ્યું નહોતું. જેને લઈને ઇલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ સિસ્ટમનાં કારણે ટ્રેન રોકાઈ ગઈ હતી. થોડીવારમાં હરેશ દવે ફરજ પર હાજર થઈ ગયા હતા અને ફાટક બંધ કરી દીધું હતું. રેલવેમાં હાલ આધુનિક સિસ્ટમ હોવાથી ટ્રેન અટકી ગઈ હતી પરંતુ, સમગ્ર મામલામાં ફાટકમેનની ગંભીર બેદરકારી સામે આવી હતી. જેને ગંભીરતાથી લઈને તાત્કાલિક રાત્રે જ ચાર્જશીટ આપી દેવામાં આવી હતી. અને નિયમ મુજબ ઇન્કવાયરી બાદ તેને કડક સજા આપવામાં આવશે.

# સંયુકત પરિવારમાંથી જુદા થવા પ્રશ્ને પરિણીતાનો આપઘાતઃ અરેરાટી

## ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા આંબેડકરનગરમાં બનેલો બનાવઃ પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના દોઢસો ફુટ રિંગ રોડ પર આવેલા આંબેડકર નગરમાં રહેતા પરિણીતાએ પંખામાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. આ બનાવ ની જાણ પોલીસને કરતા પોલીસે ૧૦૮ની ટીમને બોલવી મૃતદેહને પોસ્ટમોર્ટમ રૂમે ખસેડાયો હતો.

આ અંગેની માહિતી મુજબ આંબેડકર નગરમાં રહેતા કાજલબેન હિતેશભાઈ રાઠોડ નામના ૨૫ વર્ષના પરણીતાએ આજે તેમના ઘરે પંખામાં ચૂંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેમના મૃતદેહને પોસ્ટમોટર્મ માટે સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યો છે.

આ બનાવની જાણ પોલીસને કરતા માલવિયાનગર પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી. તેમના પતિ ડ્રાઈવીંગ કામ કરે છે તેમના લગ્નને ચાર વર્ષ પૂર્ણ થયા હતાં પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતુ કે, કાજલબેન અને તેમના પતિને સાસુ-સસરાથી અલગ થવા મામલે માથાકુટ થતી હતી જેથી આ પગલું ભરી લીધું હતું.

# પી.એમ.ના આગમન પૂર્વે રીહર્સલ વખતે પોઈન્ટ ઉપર બેરીકેટ સહિતની ક્ષતિઓ સામે આવતા સુરત ડીસીપીને નોટીસ

## જામનગરમાં વીવીઆઈપી સુપર વિઝનની જવાબદારી ડીસીપીને સોંપાઈ'તીઃ રાજકોટ રેન્જ આઈજીએ આપી નોટીસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશના વડાપ્રધાન જુનાગઢ અને જામનગરની મૂલાકાતે હોય દરમિયાન સજ્જડ સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ હતી જેમાં અન્ય જીલ્લાના અધિકારીઓને પણ બોલાવ્યા હોય જેમાં જામનગર ખાતે વીવીઆઈપી બંદોબસ્તના સુપરવિઝનની જેને જવાબદારી સોપાઈ હતી તેવા સુરતના ડીસીપીની રીહર્ષલ દરમિયાન રોડ બંદોબસ્ત, પોઈન્ટ ઉપર બેરીકેટ સહિતની ક્ષતિઓ જણાતા રાજકોટ રેન્જ આઈજીએ લેખિતમાં નોટીસ પાઠવી છે.

રાજકોટ રેન્જ આઈજી અશોક યાદવએ સુરત શહેર એસઓજીના ડીસીપી રાજદીપસિહ નકુમને પાઠવેલ પત્રમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન બીજી તારીખે જામનગરની મુલાકાતે આવતા હોય વ્યવસ્થાના બંદોબસ્ત અર્થે ૩૦-૦૪-૨૦૨૪ના રીપોર્ટ કરવા જણાવેલ જેમા ડીસીપીને એરફોર્સ ૦૧ તથા એરપોર્ટ બંદોબસ્ત તથા એરફોર્સથી સંતોષી માતાજીના મંદિર સુધીના રોડ બંદોબસ્તના સુપરવિઝનની જવાબદારી સોપવામાં આવેલ પરંતુ ૧ મેં ૨૦૨૪ના રોજ રીહર્ષલ યોજવામાં આવેલ જેમાં સુપરવિઝન તરીકેની જવાબદારી સંભાળનાર ડીસીપીએ યોગ્ય વ્યવસ્થા ગોઠવેલ ન હતી જાહેર પોઈન્ટ ઉપર બેરીકિટીંગ પણ કર્યું ન હતું. દીપ પોઈન્ટ યોગ્ય રીતે લગાવવામાં આવ્યા ન હતા, પોલીસ સ્ટાફના કર્મચારીઓને બેરીકિટીંગની બહાર ઉભા રાખવામાં આવેલ જે વ્યવહારુ દ્રષ્ટીએ જોવા જઈએ તો ૭૦ ટકા બેરીકેટની અંદર અને ૩૦ ટકા બેરીકેટ બહાર હોવા જોઈએ જેનું સુપરવિઝન અધિકારી તરીકે ધ્યાન રાખવામાં આવેલ નથી, પીટ્સલ સ્કોટ નેશનલ પાર્કના પીએમના રૂટ પર આવતો હોય તેમ છતાં સંદિગ્ધ વસ્તુઓ કે શંકાસ્પદ ઈસમો બાબતે કોઈ ખરાઈ કરવામાં આવેલ નથી કે કોઈ પોઈન્ટ પણ આપવામાં આવેલ નથી, એરફોર્સ સ્ટેશન નજીકના સ્લમ વિસ્તાર પાસે ટ્રાફિક કંટ્રોલ કરવા સારું ફોલ્ડીંગ બેરીકેટ કે જે મૂવેબલ હોય તે રાખવા જોઈએ પરંતુ તે બાબતે પણ કોઈ ધ્યાન રાખવામાં આવ્યું નથી આમ વીવીઆઈપી બંદોબસ્તની અગત્યની ફરજમાં ગંભીર બેદરકારી દાખવેલ હોય રેન્જ આઈજીએ નારાજગી વ્યક્ત કરી હતી.

# ધોરાજીની યુવતીને ઝઘડો થતા ઘર છોડયું, રાજકોટ સી ટીમ દ્વારા પરિવાર સાથે ફરી મિલન કરાવાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરની મહિલાઓ, સિનિયર સીટીઝન અને ભાવકો પોતાની જાતને સુરક્ષિત મહેસુલ કરે અને કોઈ પણ સમસ્યા હોય તો તાત્કાલિક થી ટીમ તેમની મદદ કરી તેમની મુશ્કેલીઓનું નિવારણ લાવે તે કાર્ષ રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, એડી.સીધી વિધિ ચૌધરી, નાયબ પોલીસ કમિશ્નર ટ્રાફીક પૂજા પાદર, મદદનીશ પોલીસ કમિશ્નર મનિયા સેલ આર.એસ.બારીઆ, પીઆઈ આઈ.એન. સાવલીયાનામાર્ગદર્શન હેઠળ



દક્ષિણવિભાગ ટીમ ના ઉનચાર્જ કોન્સ્ટેબલ ધરતીબેન, તર્યાબેન, સોનલબેન, પેશાબેન પોતાની ફરજ પર હતા ત્યારે તેઓને પોલીસ કન્ટ્રોલમાંથી એક જાગૃત નાગરિકનો મેલ આવ્યો હતો. મેલ આવતા મવડી પોકડી પાસેથી પસાર થતા એક જાગૃત નાગલિ દ્વારા કોલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આ છી ટીમ ગણતરીની મિનિટોમાં સ્થળ પર પોંચી જાગૃત નાગરિક ને મળતા ત્યાંથી જાણવા મળ્યું હતું કે, લગભગ ૧૮ વર્ષની ઉંમર ધરાવતી દીકરી ધોરાજીથી તેમના ઘરે પરિવાર સાથે ઝઘડો કરીને નીકળી ગઈ હોય તે યુવતીનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. આ મામલે યુવતી એવું રટણ કરતી હતી કે ઘરે કામ બાબતે ગયડો થતો હોય જેથી ઘરેથી નીકળી વે રાજકોટમાં કોઈ કંપનીમાં કામ કરી ખટીપા જ રશિ, જેથી તેમને શી ટીમે સમજાવી હતી.તેમજ તેમના માતા પિતા નો શોન્ટેસ્ટ કરી તેના માતાપિતા ને જાણ કરી અને દીકરી ને તેના માતા પિતા લેવા આવે ત્યાં સુધી માલવિયાનગર પોલીસ સ્ટેશન ખાતે સોંપવામાં આવતા અંતે પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

# ગોંડલ રોડ પર સોલવન્ટ પાસે સીટી બસમાં શોર્ટ સર્કિટથી આગ લાગી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ખખડધજ સીટી બસ સેવા મરણ પથારીએ પડી હોય તેમ આજે ગોંડલ રોડ હાઈવે ઉપર સીટી બસમાં આગનો બનાવ બનવા પામ્યો છે ત્રિકોણબાગથી શાપર રૂટની બસમાં સાંજે સાડા ચારેક વાગ્યે શોટ સર્કીટથી આગ લાગતા નાશભાગ મચી ગઈ હતી જો કે સદનશીબે મોટી દુર્ઘટના ટળી હતી.

રાજકોટના નગરજનો માટે સવારથી રાત સુધી ધૂમાડા કાઢીને સતત દોડતી સીટી બસની હાલત કથળીને ખાડે ગઈ છે દરમિયાન રાજકોટના ત્રિકોણ બાગથી શાપર સુધીના રૂટની



૧૧ નંબરની બસ રાજકોટ ગોંડલ હાઈવે ઉપર સોલ્વન્ટ નજીક પહોચી ત્યારે અચાનક ડ્રાયવર પાસેની કેબીનના ભાગે કોઈ કારણોસર ધૂમાડા નીકળવા લાગતા સમય સુચકતા વાપરી ડ્રાયવરએ બસ ઉભી રાખી દીધી હતી અને તમામ મુસાફરોને નીચે ઉતારી દીધા હતા જોતજોતામાં જ બસમાં આગ ભભૂકી ઉઠી હતી વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા નાશભાગ મચી ગઈ હતી ઘટનાને પગલે ફાયર બ્રિગેડને જાણકરતા સ્ટાફ દોડી આવ્યો હતો અને આગ ઉપર કાબુ મેળવ્યો હતો આગ શોટ સર્કીટને લીધે લાગી હોવાનું જાણવા મળ્યું છે.

# રાજકોટના આંબેડકરનગરનો બુટલેગર પાસામાં વડોદરા જેલમાં ધકેલાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટમાં લોકસભાની ચૂંટણીનું મતદાન આગામી તા.૭મી મેં ના રોજ યોજાનાર હોય અને લોકો શાંતિપૂર્ણ રીતે મતદાન કરી શકે તે માટે શહેર પોલીસ દવારા શહેરમાં નામચીન શખ્સો બુટલેગરો અને મારામારી કરતા આવારા તત્વો વિરુધ્ધ અટકાયતી પગલા, હદપારી અને પાસાની કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર.ગોંડલીયાની સૂચનાથી એએસઆઈ આર.બી.જાડેજા, ભરતભાઈ વનાણી સહિતના સ્ટાફે ગોંડલ રોડ પર એસ.ટી.વર્કશોપ પાછળ આવેલ આંબેડકરનગર શેરી નં.૩માં રહેતો અગાઉ અનેકવાર વિદેશી દારૂનું વેંચાણ કરવાના ગુનામાં પોલીસમાં પકડાયેલ



બુટલેગર પ્રકાશ સુરેશ રાઠોડને અટકાયતમાં લઈ તેના પાસાના કાગળો તૈયાર કરી વડી કચેરીએ મોકલવામાં આવતા અને તેના પર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે મહોર લગાવી દેતા આ બુટલેગરને પાસામાં વડોદરા જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

# સાપરાધ મનુષ્યવધના કેસમાં વાવડીના કારખાનેદારની જામીન અરજી મંજૂર

## બંધ પડેલી લિફ્ટ અચાનક ચાલુ થઈ જતા શ્રમિકે મહિલાનું માથું ફસાઈ જતા મોત નીપજ્યું'તું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કારખાનામાં ચાલુ ઈન્ડસ્ટ્રિયલ લિફ્ટ બંધ પડી ગયા બાદ અચાનક ચાલુ થવાને કારણે મહિલા શ્રમિકના મૃત્યુના સાપરાધ મનુષ્યવધના ગુનામાં જેલહવાલે થયેલા કારખાનેદારની જામીન અરજી ગુજરાત હાઇકોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી છે.

આ કેસની હકીકત મુજબ, વાવડી ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં આવેલા મારુતિ ઇન્ડસ્ટ્રીઝના કારખાનેદાર પિયુષ દેવચંદભાઇ ખૂંટ દ્વારા પોતાના કારખાનામાં માલ અને મજુરોની હેરફેર



એડવોકેટ

માટે જાતે ઇન્ડસ્ટ્રીયલ લિફ્ટ બનાવી ઉપયોગ કરવામાં આવી રહેલ હતો. દરમિયાન તા.૧૫/૦૨/ ૨૦૨૪ના રોજ આ લિફ્ટ અચાનક અધવચ્ચે બંધ થઈ ગઈ હતી. જેથી લિફ્ટની અંદરની મજુર મહિલાએ તેનું માથું બહાર કાઢી જાણવાની કોશિશ કરતા અચાનક લિફ્ટ ચાલુ થઈ જતા લિફ્ટ અને તેની ઉપરના ભાગેની સીલીંગ વચ્ચે માથું ચગદાઈ જવાથી મહિલા શ્રમિક ગીતાબેન રમેશભાઈ દયાતરનું મૃત્યુ થયું હતું. આથી મૃતકની પુત્રી કૃપાલીબેને કારખાનેદાર પિયુષ દેવચંદભાઈ ખુંટ સામે ફરિયાદ નોંધાવતા, તાલુકા પોલીસ સ્ટેશનમાં ઈ.પી.કો. કલમ-૩૦૪ હેઠળ સાપરાધ મનુષ્ય વધનો ગુન્હો નોંધીને તેની ધરપકડ કરવામાં આવી હતી. આરોપી કારખાનેદારે સેશન્સ કોર્ટમાં કરેલી જામીન અરજી રદ થતા ગુજરાત હાઇકોર્ટમાં સેશન્સ કોર્ટના હુકમને પડકાર્યો હતો. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપી કારખાનેર પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ ગુજરાત હાઈકોર્ટ દ્વારા આરોપી કારખાનેદાર પીયુષ દેવચંદભાઈ ખૂંટને રેગ્યુલર જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો હતો.

આ કેસમાં આરોપી વતીઅમદાવાદના પ્રતીકભાઈ જસાણી તથા રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, ભુવનેશ શાહી, કુણાલ શાહી, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા, કિશન માંડલીયા, ભાવીક ફેફર, જય પીઠવા, તથા મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, આર્યન કોરાટ રોકાયા હતા.

# લેઉવા અને કડવા પટેલ સમાજ વચ્ચે વૈમનસ્ય ફેલાવવા પત્રિકા વહેંચાય

## લોક્સભાની ચૂંટણી પૂર્વે સોશિયલ મીડિયામાં પત્રિકા વાઈરલ થતા ચાર શખ્સો સામે નોંધાયો ગુનો

**મુખ્ય સમાચાર રાજકોટ**

દેશમાં લોક્સભા ૨૦૨૪ની ચૂંટણી યોજાય રહી છે ત્યારે રાજકીય પક્ષો દવારા ચૂંટણી પ્રચાર જોરસોરથી શરૂ કઈ દેવામાં આવ્યો છે ગઈકાલે દેશના વડાપ્રધાન નરેન્ભાઈ મોદી પોરબંદર અને જામનગર આવ્યા હોય તે દરમિયાન રાજકોટમાં વિવાદાસ્પદ પત્રિકાઓ સોશિયલ મીડિયામાં વાઈરલ થતા ચાર શખ્સો વિરુધ્ધ લેઉવા પટેલ સમાજના યુવાને તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવતા ભારે ચકચાર મચી જવા પામી છે.


શહેરના મવડી ગામમાં આવેલ ગાયત્રી પાર્ક મેઈન રોડ પર રહેતા મહેશભાઈ રવજીભાઈ પીપળીયા (ઉ.વ.૪૫)નામના વેપારીએ કેતન તાળા, પ્રકાશ વેજપરા, વિપુલ તારપરા, દિપ ભંડેરી તથા રાજકોટ શહેરમાં પત્રિકા તૈયાર કરનાર શખ્સો વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ૪૦ ફૂટ રોડ પર રાજદીપ સોસાયટીમાં ઉપરોક્ત શખ્સોએ આગામી યોજાનાર લોક્સભાની ચૂંટણીનો પ્રચાર હાલ ચાલી રહયો હોય તે દરમિયાન લેઉવા પટેલ સમાજ અને કડવા સમાજ વચ્ચે વૈમનસ્ય ઉદભવ થાય તથા બંને સમાજો વચ્ચે મતભેદ ઉત્પન થાય તેવા લખાણવાળી પ્રિન્ટર કે પ્રકાશનના નામ વગરની પત્રિકા લોકોમાં વહેંચી તથા સોશિયલ મીડિયામાં વાઈરલ કરી બે સમાજ વચ્ચે તીરાડ પાડવાનું કાર્ય કરી ગુનો કરતા ફરિયાદ નોંધાય છે બનાવના પગલે તાલુકા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# પોરબંદરના દરીયા કાંઠે રાજકોટની પરિણીતાનો મૃતદેહ મળ્યોઃ અરેરાટી

## પોરબંદરમાં પિયરે આવેલી મહિલાએ આત્મહત્યા કરી હોવાની શંકાએ પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, પોરબંદર**

પોરબંદરના હજૂર પેલેસના દરિયાકાંઠેથી રાજકોટની પરિણીતાનો મૃતદેહ મળી આવ્યો હતો ત્યારે પરિણીતા અકસ્માતે દરિયામાં પડી ગઈ હતી કે આપઘાત કર્યો છે તે અંગે પોલીસ દ્વારા તપાસ શરુ કરાઈ છે. પોરબંદર ચોપાટી ખાતે હજૂર પેલેસ ના પાછળ ના ભાગે દરિયામાં કોઈ યુવતી નો મૃતદેહ તરતો હોવાની જાણ થતા ફાયરબ્રિગેડ ટીમ તુરંત સ્થળ પર દોડી ગઈ હતી અને મૃતદેહ



દરિયામાંથી કાઢી સરકારી હોસ્પીટલે પીએમ અર્થે ખસેડયો હતો ત્યાર બાદ હાર્બર મરીન પોલીસ મથક ના પી આઈ સાલુંકે તથા સ્ટાફે યુવતી ની ઓળખ મેળવા પ્રયાસ હાથ ધર્યો હતો તેમ છતાં સફળતા ન મળતા સોશ્યલ મીડિયા ના માધ્યમ થી પણ ઓળખ મેળવવા પ્રયાસ હાથ ધર્યા હતા આ યુવતીનું નામ રાજકોટ ની માધાપર ચોકડી વિસ્તાર માં રહેતી શ્રધ્ધાબેન હેમલભાઈ ગઢવી(ઉવ ૩૮) હોવાનું સામે આવ્યું હતું અને તે રાજકોટથી ગઈકાલે પોરબંદર આવી હોવાનું તથા સંતાનમાં એક પુત્ર હોવાનું પણ જાણવા મળે છે. આ યુવતી પોરબંદર ખાતે પોતાના પિયરે આવી હતી અને અહીં પહોંચી રાજકોટ સ્થિત સાસરીયાને પોતે પોરબંદર સલામત રીતે પહોંચી ગઈ હોવાનો મેસેજ પણ કર્યો હતો. ત્યારબાદ આ ઘટના બની છે ત્યારે શ્રદ્ધા એ આપઘાત કર્યો છે કે પછી અકસ્માતે દરિયામાં પડી ગઈ હતી, કે પછી અન્ય કોઈ કારણથી આ ઘટના બની છે તે અંગેપોલીસે વધુ તપાસ હાથ ધરી છે.